PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા–૦૩/૧૬–૧૭/ ૮૬૪ તા. ૩૦/૦૧/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
એમ.પી.શાહ મ્યુનીસીપાલીટી વૃધ્ધાશ્રમ,
એસ.બી.શર્મા વર્લ્ડ સ્કુલ ની બાજુમા,
મેહુલ નગર રોડ,
જૈન દેરાસર ની નજીક,
ખોડીયાર કોલોની
જામનગર–૩૬૧૦૦૬
મો: ૯૮૯૮૦૭૩૦૦૭, ૯૮૨૫૨ ૧૧૮૧૦

**વિષય :–સીગલ ફેઇઝ કનેકશન ના વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૪/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૪)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સાત રસ્તા પેટા વિભાગીય કચેરી,જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૪/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૨૫–૧૧–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: એમ.પી.શાહ મ્યુનીસીપાલીટી વૃધ્ધાશ્રમ,ગામ: જામનગર,
રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી પંકજભાઈ ઉપાધ્યાય (સંસ્થાના મેનેજર) હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : સાત રસ્તા પેટા વિભાગીય કચેરી,જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)
રજુઆત કરનાર :પી.એલ.ગોહેલ, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

## : હુકમ :

**ફરીયાદ : સીંગલ ફેઇઝ કનેકશન ના વીજબીલ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના '' વૃધ્ધાશ્રમ – વૃધ્ધ વ્યકિતઓના આશ્રય ના '' સ્થળ પર આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૫૬૦૩/૦૦૬૨૪/૨ મા, તેઓને માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૬ નુ ૩૪૧૦ યુનીટ નુ ( હાલ ના ૪૮૮૫ પાછલા ૧૬૩૦ = ૩૪૧૦ યુનીટ) નુ જે બીલ આપવામા આવેલ છે, તે બીલ તેમના જોડાણ ના સ્થળ પર ના જોડાયેલ વીજભાર અન્વયે થતા, વીજવપરાશી યુનીટ થી, અને જોડાણ ના બીલીંગ મા સ્થપાયેલ સરેરાશ વીજવપરાશી યુનીટ થી લગભગ ૦૫ ગણુ વિશેષ છે. અરજદાર શ્રી ને શંકા છે કે ચોકકસ પ્રકાર ની મીટર ની ક્ષતિગ્રસ્તતા ના કારણોસર જ અસહય આર્થિક બોજવાળુ આ બીલ અપાયેલ છે. જેથી સદર બીલ ને પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ના તમામ ધોરણો હેઠળ ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક રજુઆતો, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, તેઓ શ્રી ના '' વૃધ્ધાશ્રમ – વૃધ્ધ વ્યકિતઓના આશ્રય ના '' સ્થળ પર આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૫૬૦૩/૦૦૬૨૪/૨ મા, તેઓને માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૬ નુ ૩૪૧૦ યુનીટ નુ ( હાલ ના ૪૮૮૫ પાછલા ૧૬૩૦ = ૩૪૧૦ યુનીટ) નુ, રૂ.૨૩,૮૭૭/૯૯ નુ પીજીવીસીએલ તરફથી અપાયેલ બીલ, જે વ્યાજબી વીજવપરાશ મુજબ નુ જણાયેલ ન હોવાના કારણોસર, અરજદાર શ્રી એ તા.૧૩–૦૮–૧૬ ના રોજ રૂ.૨૫૦/–મીટર ચકાસણી ફી ભરપાઈ કરી, અને સદર જોડાણ નુ, સવાલવાળુ મીટર બદલાવવાની, પીજીવીસીએલ મા અરજી નોંધાવેલ હતી. |
| ૨.૨ | ઉપરોકત મુદ્દા નં. ૨.૧ મુજબ ની ફરીયાદી શ્રી ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી પર્ફોમા –૧૫ નંબર: ૧૦૦૪૫૮, જે તા.૧૫–૦૮–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ એલએન્ડજી કંપની ના મીટર નંબર: ૦૧૧૩૯૨૦, જે સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, જોડાણ મા આશરે ૦૬ કીવો નો વીજભાર જોડાયેલ હતો. અને મીટર મા છેલ્લા રીડીંગ ૩૪૮૮૦ નોંધાયેલ હતા. આ સમયે તા.૧૫–૦૮–૧૬ ના રોજ અરજદાર ના સ્થાપન પર નવુ એલએન્ડટી કંપની ના મીટર નંબર: ૬૯૧૯૪૫, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૩** | ત્યારબાદ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતેના, અરજદાર ના સ્થાપન પર ના જુના સવાલવાળા એલએન્ડજી કંપની ના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦ ના મીટર ને, પીજીવીસીએલ ની લેબોરેટરી મા, ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૧૯–૦૮–૧૬ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૩૪૮૮૦ નોંધાયેલ હતા. લેબોરેટરી ચકાસણી દરમ્યાન લેવાયેલ એક્યુરેસીટેસ્ટ દરમ્યાન, મીટર યોગ્ય ફરતુ હોવાની બાબત જણાયેલ હતી. તેમ છતા, સદર મીટર ની વિશીષ્ટ તાંત્રીક ચકાસણી કરવા માટે, મીટર બનાવટ એવી એલએન્ડજી કંપની સમક્ષ રજુ કરવાની નોંધ, તા.૧૯–૦૮–૧૬ ના લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા કરાયેલ છે. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરાયેલ હતો. જે અહેવાલ મુજબ, '' કન્ઝમ્પસન હિસ્ટ્રી ૦ મા – ૩૪૮૮૦.૮૦ યુનીટ નો વીજવપરાશ દર્શાવે છે. જયારે, હિસ્ટ્રી ૦ મા, નીલ કીવો નો એમડી દર્શાવે છે. '' |
| **૨.૪** | ફોરમ કમિટી ના આદેશ મુજબ, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૫૬૦૩/૦૦૬૨૪/૨ નુ સવાલવાળુ, જુનુ એવુ એલએન્ડજી કંપની ના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦, જે મીટર બનાવટ એલએન્ડજી કંપની સમક્ષ વિશેષ તાંત્રીક ચકાસણી અર્થે રજુ કરવામા આવેલ હતુ. મીટર બનાવટ એવી એલએન્ડજી કંપની તરફથી સદર જુના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦ ની ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી કરવામા આવેલ હતી. જે મુજબ, '' એલએન્ડજી કંપની તરફથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ને મળેલ લેખીત અભિપ્રાય મુજબ – સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર કરાયેલ હતુ. '' |
| **૨.૫** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ જુનુ એલએન્ડજી કંપની ના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦ ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. જેથી, ક્ષતિગ્રસ્ત મીટર ના હૈયાતી ના સમયગાળા દરમ્યાન, તાંત્રીક રીતે યોગ્ય સ્થિતી મા રહેલ એવા મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના ધોરણે, બીલીગ કરવાની, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈ છે. જે, જોગવાઈઓ ને આનુષાંગીક રહીને, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ, જેનો વીજભાર, તા.૦૭–૧૧–૧૬ ની સ્થિતીએ ૬.૫ કીવો નો છે. અને આ જોડાણ મા તા.૧૫–૦૮–૧૬ ના રોજ લગાડવામા આવેલ, એલએન્ડટી કંપની ના મીટર નંબરઃ ૬૯૧૯૪૫ મા, તા.૧૫–૦૮–૧૬ થી તા.૦૭–૧૧–૧૬ સુધીના કુલ ૮૨ દિવસ દરમ્યાન ૨૨૮૨ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે. જે, પ્રતિદીન ૨૮ યુનીટ આશરે ( ૨૨૮૨ યુનીટ + ૮૨ દિવસ = ૨૮ યુનીટ આશરે ) ની સરેરાશ, જે નવા મીટર મા સ્થાપિત થયેલ છે. આમ, જોડાણ મા નવા લગાડવામા આવેલ મીટર મા પ્રસ્થાપિત થયેલ પ્રતિદીન વીજવપરાશી યુનીટ ની ગણતરી ના ધોરણે, અરજદાર શ્રી ને અપાયેલ, સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ વીજબીલ, જે વીજબીલ નો સમયગાળો તા.૦૭–૦૬–૧૬ થી તા.૦૯–૦૮–૧૬ સુધીના ૬૩ દિવસો દરમ્યાન, જે સવાલવાળા ૩૪૧૦ યુનીટ નુ વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ પણ પ્રતિદીન ૫૪ યુનીટ આશરે ( ૩૪૧૦ યુનીટ ÷ ૬૩ દિવસ = ૫૪ યુનીટ આશરે ) ની સરેરાશ વીજવપરાશ મુજબ નુ જ હોય, યોગ્ય અને વ્યાજબી છે. અને આ વીજબીલ, અરજદારે ભરપાઈ કરવાની બાબત પણ અરજદાર માટે યોગ્ય અને વ્યાજબી, તેમજ નિયમાધીન છે. |
| **૨.૬** | સદર કેઈસ મા, વિશેષ મા, ફોરમ કમિટી સમક્ષ જણાવવાનુ કે, '' ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર, હાલ ના તબ્બકે – ૦૧ કરતા વધુ, ઘરવપરાશ વીજજોડાણ કેટેગરી ના જોડાણો આવેલ છે. '' જેથી, હૈયાત એવા પ્રત્યેક જોડાણકાર / ગ્રાહક, તેમજ જોડાણ ની જગ્યા, વગેરે બાબતે ની, '' લીગલ એન્ટીટી '' જો, યથા યોગ્ય જણાશે અને, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ એકત્રીકરણ કરવાની બાબત ને આનુષાંગીક જણાશે તો, '' સદર જગ્યા પર આવેલ, આ મુજબ ના તમામ જોડાણો '' એકત્રીકરણ કરવાની બાબત, જે પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય હોય, ફરીયાદી અરજદાર શ્રી ની જાણકારી હેઠળ, આ મુજબ સદર જોડાણો નુ એકત્રીકરણ કરવામા આવશે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ ફોરમ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને તેઓ શ્રી ની મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નં.: ૮૫૬૦૩/૦૦૬૨૪/૨ ના સવાલવાળુ એલએન્ડજી નુ કંપની ના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦ મા, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ ના બીલીગ સમયગાળા દરમ્યાન, જોડાણ ના સવાલવાળા મીટર મા, ૩૪૧૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ રૂ.૨૩૮૭૭/૯૯ નુ બીલીગ થયેલ હતુ. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની, મીટર ચકાસણી ફી ભરપાઈ કરીને, મીટર બદલાવવા માટે ની તા.૧૩–૦૮–૧૬ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતે, સવાલવાળુ એલએન્ડજી કંપની ના મીટર નંબરઃ ૦૧૧૩૯૨૦, જે તા.૧૫–૦૮–૧૬ નારોજ, સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, સદર મીટર ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા તા.૧૯–૦૮–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર મીટર ની વિશેષ તાંત્રીક ચકાસણી, મીટર બનાવટ કંપની મારફત કરવાની બાબત, યોગ્ય જણાયેલ હતી. જેથી, સદર મીટર ની વિશેષ તાંત્રીક ચકાસણી, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે સંપન્ન થયેલ હતી. જે મુજબ, મીટર બનાવટ કંપની તરફથી, સદર સવાલવાળુ જુનુ મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હતુ. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નુ સવાલવાળુ મીટર, જે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના હૈયાતી ના સમયગાળા દરમ્યાન, તાંત્રીક રીતે યોગ્ય સ્થિતી મા રહેલ એવા મીટર મા ( જેમકે – મીટર બદલાવ્યા પહેલાના સમયગાળા દરમ્યાન ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના ધોરણે, અથવા તો મીટર બદલાવ્યા પછી ના સમયગાળા દરમ્યાન ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના ધોરણે) વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના ધોરણે બીલીગ કરવાની જોગવાઈ, જે નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૪/૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ છે. સદર ધારાધોરણ અન્વયે ની જોગવાઈ ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નં. : ૮૫૬૦૩/૦૦૬૨૪/૨, કે જેનો તા.૦૭–૧૧–૧૬ ની સ્થિતીએ ૬.૫ કીવો નો વીજવપરાશી વીજભાર છે. અને આ જોડાણ મા તા.૧૫–૦૮–૧૬ ના રોજ લગાડવામા આવેલ, નવા એલએન્ડટી કંપની ના મીટર નંબરઃ ૬૯૧૯૪૫ મા, તા.૧૫–૦૮–૧૬ થી તા.૦૭–૧૧–૧૬ સુધીના કુલ ૮૨ દિવસો દરમ્યાન, કુલ ૨૨૮૨ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે. જે મુજબ, નવા મીટર મા પ્રતિદીન ૨૮ યુનીટ આશરે ( ૨૨૮૨ યુનીટ ÷ ૮૨ દિવસ = ૨૮ યુનીટ આશરે ) ની સરેરાશ પ્રસ્થાપિત થયેલ છે. જેથી, જોડાણ મા નવા લગાડવામા આવેલ મીટર મા પ્રસ્થાપિત થયેલ પ્રતિદીન વીજવપરાશી ૨૮ યુનીટ ની ગણતરી ના ધોરણે, અરજદાર શ્રી ને અપાયેલ, સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, ૩૪૧૦ યુનીટ નુ વીજબીલ રીવાઇઝ કરી શકાય. સદર બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા મુજબ ની હોય, વીજકંપની માટે નિયમાધીન યોગ્ય હોવાનો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૩૪૧૦ યુનીટ નુ , રૂ.૨૩૮૭૭/૯૯ નુ વીજબીલ પણ રીવાઇઝ થવાને પાત્ર છે. સદર સવાલવાળા માહે જુન–જુલાઈ– ૧૬ ના વીજબીલ નો સમયગાળો તા.૦૭–૦૬–૧૬ થી તા.૦૯–૦૮–૧૬ સુધીના ૬૩ દિવસો નો છે. જેથી, જોડાણ મા પ્રસ્થાપિત થયેલ પ્રતિદિન ૨૮ યુનીટ ની ગણતરી, જે સવાલવાળા બીલીગ ના સમયગાળા ના ૬૩ દિવસો માટે કરવાની બાબત પણ પીજીવીસીએલ માટે નિયમાધીન છે. આમ થતા, સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૩૪૧૦ યુનીટ નુ વીજબીલ, પીજીવીસીએલ પક્ષકારે રદબાતલ કરવાનુ રહેશે. અને સદર જુન–જુલાઈ– ૧૬ ના બીલીગ સમયગાળા ના કુલ ૬૩ દિવસો માટે, જોડાણ મા, નવા મીટર મા પ્રસ્થાપિત થયેલ પ્રતિ દીન ૨૮ યુનીટ ની ગણતરીએ થયેલ સરેરાશ વીજવપરાશ ના ધોરણે – સવાલવાળુ જુન–જુલાઈ– ૧૬ નુ વીજબીલ, ૧૭૬૪ યુનીટ ( ૬૩ દિવસ × પ્રતિદીન ૨૮ યુનીટ = ૧૭૬૪ યુનીટ ) ની ગણતરી એ રીવાઇઝ કરવા માટે, અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, રીવાઇઝ બીલ આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૪** | સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૬ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે સદર બાબતે ના, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈઓ ની પૂર્તતા, જો પીજીવીસીએલ પક્ષકાર ને, યોગ્ય અને વ્યાજબી જણાશે તો, પીજીવીસીએલ પક્ષકાર ના સુચવ્યા મુજબ ની સદર કાર્યવાહી, જે ફરીયાદી અરજદાર શ્રી ની જાણકારી હેઠળ જ સંપન્ન કરવાનો પણ, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૩૪૧૦ યુનીટ નુ વીજબીલ, પીજીવીસીએલ પક્ષકારે રદબાતલ કરવાનુ રહેશે. અને સદર જુન–જુલાઈ– ૧૬ ના બીલીગ સમયગાળા ના કુલ ૬૩ દિવસો માટે, જોડાણ મા, નવા મીટર મા પ્રસ્થાપિત થયેલ પ્રતિ દીન ૨૮ યુનીટ ની ગણતરીએ સ્થાપાયેલ સરેરાશ વીજવપરાશ ના ધોરણે – સવાલવાળુ જુન–જુલાઈ– ૧૬ નુ વીજબીલ, જે ૧૭૬૪ યુનીટ ( ૬૩ દિવસ × પ્રતિદીન ૨૮ યુનીટ = ૧૭૬૪ યુનીટ ) ની ગણતરી એ રીવાઇઝ કરી, અને તે મુજબ ની અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, લેખીત પત્ર સાથે ની જાણકારી આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..